# જન્મદિને વધામણી



લીલાબેન વાળંદ
મો. ૯૪૨૮૫૪૮૮૨૦



હસમુખરાય સી મહેતા
ફોન: ૨૩૨૪૯૮૮૩



કે જી નાયી
મો. ૯૪૨૬૫૬૩૬૦૯



હંસાબેન હસમુખભાઈ ઠાકર
ફોન: ૨૩૨૩૨૦૦૨



અલ્પેશભાઈ એ જોષી
મો. ૯૯૯૮૪૦૫૬૭૩



હાર્દિક સંજયકુમાર શાહ
મો. ૯૭૧૨૯૪૪૭૩૧



કૌશિક પી મકવાણા
મો. ૭૨૨૭૯૭૭૯૨૨



ધ્રુવાંશ મનવેશકુમાર

## 'આર્ષ' શોધ સંસ્થાન દ્વારા હરિમંદિર, અક્ષરધામ ખાતે

# શનિવારે "અનોખી વિચારશૈલી" વિષય પર ૭૬મું પ્રવચન યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

પ્રતિદિન અનેક કાર્યોમાં અને સમસ્યઓમાં આપણે જે કંઈ વિચારીએ છીએ અને પુરુષાર્થ કરીએ છીએ તેમાં માંડ માંડ પહોંચી વળાય છે. તો પછી અનોખું વિચારવું શા માટે? તેનાથી વિશેષ ફાયદો શું?

પણ અનોખું વિચારવાથી કાર્યમાં સરળતા અને સફળતા મળે છે. Thinking is hard Work આ કહેવત પણ અનોખી વિચાર શૈલી માટે જ પ્રયોજાઈ છે. પણ સાધારણ રોજ-બરોજ જીવન માટે નહીં.

સમસ્યાઓનું નિરાકરણ કરવા માટે વધારે બહોળા અને ઉન્નત વિચાર કરવાની જરૂર હોય છે. ન્યુટન, આઈન્સટાઈન, રામાનુજન અને આપણા ઋષિમુનિઓએ ભૌતિકથી માંડીને આધ્યાત્મિક વિચારો દ્વારા સંશોધનો, સફળતા વગેરેથી લઈને આત્મસાક્ષાત્કાર પ્રાપ્ત કર્યો છે.

ચીલાચાલુ ચાલ તો શ્વાસ લેતા તમામ પ્રાણીઓ ચાલે છે. પરંતુ સિંહ, મહાપુરુષો અને ગજ કંઈક નિરાળી ચાલ ચાલતા હોય છે. તે પણ માત્ર અનોખી વિચાર શૈલીને જ આભારી છે.

અનોખું વિચારવું એ જીવનને રસપ્રદ બનાવે છે. અને વ્યક્તિને ઉત્સાહિત અને હકારાત્મક ઊર્જા બક્ષે છે. તેથી અનોખું વિચારવું એ વેપારીથી લઈને વિદ્યાથી માટે, ડૉક્ટરથી લઈને દર્દી સુધી સૌ માટે આવશ્યક છે.

એટલે જ આર્ષ ત્રૈમાસિક પ્રવચનમાળાના ૭૬મા પ્રવચનનો વિષય "અનોખી વિચારશૈલી Thinking differently" રાખ્યો છે.

આ વિષય પર શ્રી સ્વામિનારાયણ મંદિર, શાહીબાગ, અમદાવાદ, સ્વામિનારાયણ બ્લીસ મેગેઝીનના સહ સંપાદક, પૂ. વિવેકજીવનદાસ સ્વામી પોતાની આગવી શૈલીમાં તા. ૨૫-૦૬-૨૦૧૬, શનિવારના રોજ સાંજે ૪-૩૦ થી ૭-૦૦ કલાકે અક્ષરધામ હરિમંદિરના સભાગૃહમાં પ્રવચન આપશે. આવા રસપ્રદ વિષયનો લાભ લેવા ગાંધીનગરના નાગરિકોને સહકુટુંબ મિત્રમંડળ સહિત પધારવા મંદિર દ્વારા વિનંતી કરવામાં આવી છે.

## શનિવારે અમદાવાદમાં ગઝલસંગ્રહના વિમોચન સાથે કવિ સંમેલન

ગાંધીનગર, તા. ૨૨

શનિવારે ડૉ. રમેશ મહેતા 'સ્વચમ્'ના ગઝલસંગ્રહ 'મૌન મિજલસ'નું વિમોચન અમદાવાદ ખાતે યોજવામાં આવ્યું છે, આ પ્રસંગે કવિ સંમેલનનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

સાહિત્યકાર યશવંત મહેતાના વરદ હસ્તે ગઝલસંગ્રહનું વિમોચન કરવામાં આવશે. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ડૉ. બહેચરભાઈ પટેલ, ડૉ. બિપીનચંદ્ર મોદી, દિનકરભાઈ દેસાઈ ઉપસ્થિત રહી વક્તવ્યો આપશે. સંચાલન હસમુખ શાહ 'બેઝાર' કરશે.

કવિ સંમેલનમાં કૃષ્ણ દવે, હરદ્વાર ગોસ્વામી, જયંત ડાંગોદરા, રક્ષા શુક્લ, મનિષ પાઠક 'શ્વેત', રાધિકા પટેલ, ચેતન શુક્લ પોતાની કવિતાનું પઠન કરશે. કવિ સંમેલનનું સંચાલન મનિષ પાઠક 'શ્વેત' કરશે.

# ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય ખાતે શાળા પ્રવેશોત્સવની ઉજવણી



શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય ખાતે પ્રવેશોત્સવની ઉજવણી ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આ પ્રસંગે ટ્રસ્ટી શંકરભાઈ ચૌધરી, આચાર્ય મીનાબેન ચૌધરી તથા સ્ટાફમિત્રો ઉપસ્થિત રહ્યા હતા. ધોરણ-૧માં પ્રવેશતા દરેક બાળકને કુમકુમ તિલક કરી, મોઢું મીઠું કરાવી શાળામાં આવકારવામાં આવ્યું હતું.

# સંસ્થાઓ દ્વારા યોગ દિવસની ઉત્સાહપૂર્ણ ઉજવણી







ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર ખાતે વિવિધ સંસ્થાઓ દ્વારા યોગ દિવસની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી.

**શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય**

વિદ્યાલય ખાતે શાળાનાં ૧૩૦૦થી પણ વધુ વિદ્યાર્થીઓ અને શિક્ષકો યોગ દિવસની ઉજવણીમાં જોડાયા હતા અને સૌએ સાથે મળીને વિવિધ આસનો કર્યાં હતાં. કાર્યક્રમનું આયોજન-સંચાલન આચાર્ય મીનાક્ષીબેન ચૌધરીના માર્ગદર્શનમાં પી ટી ટ્રેનર રશ્મિબેન અને ખ્યાતિબેન દ્વારા સ્ટાફ મિત્રોના સહકારથી કરવામાં આવ્યું હતું.

**સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર**

સ્કૂલ ખાતે યોગા ટ્રેનર અને રેઈકી માસ્ટર દર્શના પંડ્યા દ્વારા શાળાના વિદ્યાર્થીઓની એકાગ્રતા વધે તે માટેનાં જુદાં-જુદાં યોગાસનો વિદ્યાર્થીઓને કરાવવામાં આવ્યાં હતાં. વૃક્ષાસન, ગરુડાસન, ઓમકાર તથા કપાલ ભારતી અને પ્રાણાયામનો લાભ પણ વિદ્યાર્થીઓએ લઈ યોગ દિવસની ઉજવણી કરી હતી.

**શ્રી જનતાકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળા**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શાળાના તમામ વિદ્યાર્થીઓ યોગ દિવસની ઉજવણીમાં જોડાયા હતા. યોગ નિષ્ણાત શિક્ષક ચેતનાબેન પટેલ, ડાહીબેન પટેલ, સરોજબેન પટેલ દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. આચાર્ય નીવાબેન પટેલે યોગનો અભ્યાસ ચારિત્ર્ય ઘડતર કરી બાળકોને આત્મવિશ્વાસ અને શ્રદ્ધાથી અભ્યાસ કરાવશે એવી શીખ આપી હતી.

**રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સ**

સ્કૂલ ખાતે વ્યાયામ શિક્ષક કલ્પેશ દવે અને રાજેશ સુતરિયાના માર્ગદર્શન હેઠલ વિદ્યાર્થીઓએ અનેકવિધ આસનો કર્યાં હતાં. સંસ્થાના મેનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનીયારા તથા કૅમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજાએ વિદ્યાર્થીઓને શારીરિક સ્વસ્થતાની અગત્યતા સમજાવી જીવનમાં યોગના મહત્ત્વનું ભાથું પીરસ્યું હતું.

**અરવિંદ કેન્દ્ર**

કેન્દ્ર ખાતે જાણીતા યોગગુરૂ સત્યપ્રકાશસુરી દ્વારા યોગ દિવસની ઉજવણી સંપન્ન કરાવવામાં આવી હતી. અનેકવિધ આસનો નાગરિકોને તેમણે આ પ્રસંગે કરાવ્યાં હતાં.

**ઓમ લેન્ડમાર્ક સ્કૂલ**

જિલ્લા વહીવટી તંત્ર, ગાંધીનગર આયોજિત વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં ઓમ લેન્ડમાર્ક સ્કૂલ ખાતે અભ્યાસ કરતી ધોરણ ૫, ૭ અને ૮ની વિદ્યાર્થીનીઓએ યોગાસન અને પ્રાણાયામની અદ્ભૂત કૃતિઓ રજૂ કરી હતી અને તેઓ તમામ પ્રેક્ષકો, વિદ્યાર્થીઓમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી. શાળા પરિવાર દ્વારા આ વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

**શ્રીમતી એમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળા**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શાળા ખાતે પતંજલિ યોગના મુખ્ય પ્રભારી કાનજીભાઈ સોલંકી, જૈમિનભાઈ તથા કવિતાબેને ઉપસ્થિત રહી વિદ્યાર્થીનીઓને યોગની તાલીમ આપી હતી તથા યોગનું મહત્ત્વ સમજાવ્યું હતું. આચાર્ય નીરૂબેનો પણ વિદ્યાર્થીનીઓને યોગ દિવસનું મહત્ત્વ સમજાવ્યું હતું. શિક્ષક જયશ્રીબેન પટેલે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

**બીએપીએસ સ્વામિનારાયણ વિદ્યામંદિર**

વિદ્યામંદિર ખાતે વિદ્યાર્થીનીઓ માટે યોગાભ્યાસ નિત્યક્રમ બનાવવામાં આવ્યો છે. આ વિદ્યાર્થીનીઓએ યોગ દિવસ નિમિત્તે સુંદર આસનો કર્યાં હતાં. આ પ્રસંગે ઈન્સ્ટીટ્યુટ ઑફ ઈલેક્ટ્રોનિક્સ ઍન્ડ ટૅલિકમ્યુનિકેશન ઍન્જિનીયર્સનાં પ્રમુખ સ્મૃતિ ડાગુર ઉપસ્થિત રહ્યાં હતાં.

**સહકાર કોલોની, સે. ૨૫**

કૉલોનીના બગીચામાં શિક્ષક સુમિત્રાબેન દિક્ષીત અને દિપીકાબેન રાઠોડ દ્વારા યોગ દિવસની ઉજવણીનું સંચાલન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યોગ શિક્ષક પ્રદીપસિંહ રાઠોડ, નંદકિશોર દિક્ષીત અને રવિભાઈ પવાર ઉપસ્થિત રહ્યા હતા જેમણે યોગ અને પ્રાણાયામ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. સ્થાનિક વસાહતીઓ, વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં ઉત્સાહથી જોડાયા હતા. કાર્યક્રમને સફળ બનાવવા વિમળાબેન અયાચી, નયનાબેન પટેલ, માયાબેન જોષી તથા રમાબેન વર્માએ જહેમત ઊઠાવી હતી.

**શ્રી પ્રબોધ પોપટલાલ રવચંદ શાહ હાઇસ્કૂલ (લીંબોદરા)**

શાળાના ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ તથા સ્ટાફમિત્રો ઉપરાંત વાલીઓ પણ યોગ દિવસની ઉજવણીમાં જોડાયા હતા અને વિવિધ આસનો, પ્રાણાયામ તથા શાંતિવંદના કરી હતી.

શાળાના ટ્રસ્ટી ભરતસિંહ તેમજ આચાર્ય તેજસિંહ પરમારે ઉપસ્થિત રહી યૌગિક ક્રિયા ઓ કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. વ્યાયામ શિક્ષક વિશાળ થોરાતે યોગ નિદર્શન અને યોગ સંચાલન કર્યું હતું.

**મણિબેન એમ પી શાહ મહિલા આર્ટ્સ કોલેજ (કડી)**

કૉલેજ ખાતે કેન્દ્ર સરકારના આયુષ વિભાગ દ્વારા બનાવવામાં આવેલી યોગ પ્રક્રિયાની સીડીના નિદર્શન પર યોગ ટ્રેનર્સના માર્ગદર્શન હેઠળ ૧૦૦ જેટલી વિદ્યાર્થીનીઓ તેમજ સ્ટાફ પરિવારે સાથે મળીને યોગ દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો અને રસપૂર્વક યોગનો અભ્યાસ કર્યો હતો.

પ્રા. મધુબહેન ઠાકોર, ડૉ. સંગીતાબેન આચાર્ય તથા ડૉ. આર ઍમ ચૌહાણે કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન કર્યું હતું. પ્રિન્સિપાલ ડૉ. હીનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમ પરત્વે વિદ્યાર્થીનીઓએ સંતોષ અને આનંદની લાગણી પ્રગટ કરી હતી.

# વર્ષભરનું પાણી વરસાદથી મળી શકે




ચોમાસું આવી પહોંચ્યું છે ને ઘેર-ઘેર રાહતની ને આનંદની લહેરખીઓ દોડવા માંડી છે. સામાન્ય રીતે ચોમાસું આવે ત્યારે આવું થાય જ છે, પરંતુ ચોમાસું જાય ને ચારેક મહિના થાય ત્યાં જ પાણીની બૂમરાણ શરૂ થઈ જાય છે. આવું શા માટે? વરસાદ ઓછો છે એટલા માટે કે પછી વરસાદ અનિયમિત છે એટલા માટે?

વરસાદ ઓછો છે એવું તો સાવ નથી. હા, દેશનાં કેટલાંક રાજ્યો એવાં છે જ્યાં વરસાદ ઓછો છે, પરંતુ તોય એક ઋતુમાં ૫૦ સૅમિથીય ઓછો વરસાદ થતો હોય એવાં રાજ્યો ગણતરીનાં જ છે. એની સામે ૨૦૦ સૅમિ વરસાદ થતો હોય એવાં રાજ્યો પણ છે.

વરસાદ અનિયમિત છે ? એ સવાલનો જવાબ એ કે વરસાદ નિયમિત ક્યારે હતો ? વર્ષોથી આપણે એક તરફ અનિયમિત વરસાદની બૂમો પાડીએ છીએ અને બીજી તરફ આપણી ખેતીનો આધાર વરસાદ ઉપર જ રાખીએ છીએ ! આ કેવો વિરોધાભાસ ! વરસાદ અનિયમિત છે એવું આપણે જાણીએ જ છીએ તો પછી ખેતીનો આધાર એને શું કામ બનાવીએ છીએ? અને બનાવીએ જ છીએ તો એ માટે યોગ્ય ઉપાયો કેમ નથી કરતા ? જવાબ છે : ખબર નહીં !

ખેર, આજે ખેતીની નહીં, પરંતુ ઘરોમાં ઉપયોગમાં લેવાતા પાણીની કરવી છે. એ માટે શરૂઆત પાણીના કેટલાક આંકડાઓથી કરીએ.

દુનિયાના કુલ વિસ્તાર પૈકી ૩ ભાગ જેટલું પાણી છે અને ૧ ભાગ જ જમીન છે. જે પાણી ઉપલબ્ધ છે તેના ૩ ટકા જ પીવાલાયક છે, શુદ્ધ છે. જે પીવાલાયક છે તે પૈકી ૭૭ ટકા પાણી બરફ સ્વરૂપે છે અને ૧૨ ટકા પાણી જમીનની નીચે ધરબાયેલું કે સચવાયેલું છે. આ પાણી પણ માણસની બેફામ વપરાશીવૃત્તિને કારણે દિન-પ્રતિદિન ઘટી રહ્યું છે, એટલું કે આજથી ૨૦ વર્ષ અગાઉ ૧૦૦ મીટર ખોદકામ કરતાં જ પાણી મળી જતું હતું ત્યાં હવે ૭૦૦-૮૦૦ મીટર ખોદતાં પણ પાણી નથી મળી રહ્યું ! અને તોય માણસે કર્યું શું ? બૂમરાણ સિવાય ખાસ કંઈ નહીં ! પણ હવે આ દિશામાં કંઈક કરવાની જરૂર છે ને એની શરૂઆત ઘરથી જ થઈ શકે તેમ છે.

એક વ્યક્તિને પ્રતિદિન સરેરાશ પાંચ લીટર શુદ્ધ પાણીની જરૂર પડે છે, એક મહિને ૧૫૦ લીટર અને એક વર્ષે ૧૮૨૫ લીટર પાણીની. તો ગણતરી કરો કે ગુજરાતની વસતિને વર્ષે કેટલું પાણી જોઈતું હશે ?

ચિંતાજનક પરિસ્થિતિ તો એ છે કે આ બધા જ પાણીનો આધાર ભૂગર્ભ જળ ઉપર રખાય છે. સારું છે કે ગુજરાતમાં નર્મદા જેવી નદી છે, જે લાખો લોકોની પાણીની જરૂરિયાત પૂર્ણ કરે છે, નહીંતર પરિણામ શું હોત એ વિચારવું પણ ભયાનક છે !

અલબત્ત, પરિસ્થિતિ એટલી પણ ભયાનક નથી કારણ કે પ્રકૃતિએ પાણીની, શુદ્ધ પાણીની જરૂરિયાત પૂર્ણ કરવા માટે વરસાદ સ્વરૂપે એક સુંદર અને અમૂલ્ય ભેટલ આપી છે. ગુજરાતમાં આ ભેટ મન મૂકીને વરસે છે. સૌરાષ્ટ્ર-કચ્છ પ્રદેશમાં સરેરાશ ૫૭૮ મિમિ અને બાકીના ગુજરાતમાં ૧૧૦૭ મિમિ વરસાદ વર્ષે પડે છે. ઘરોમાં પીવાના પાણીની જરૂરિયાત પૂર્ણ કરવા માટે આટલો વરસાદ પર્યાપ્ત નહીં, પરંતુ વધારે પડતો છે.

દરેક ઘર જો પોતાના ધાબા ઉપર પડતું પાણી પણ સંગ્રહ કરીને રાખે તો ચોમાસાના ચાર મહિના જે પાણી વરસે છે એમાંથી એ ઘરના સભ્યોની આખા વર્ષની પાણીની જરૂરિયાત પૂર્ણ થઈ શકે એમ છે. એ માટે ઘરના વિસ્તાર પ્રમાણે અલગ-અલગ પદ્ધતિ ઉપલબ્ધ છે. સૌથી સરળ પદ્ધતિ એ છે કે ઘરનાં આંગણમાં જ એક ખાડો કરવો ને એમાં ઘરની છત ઉપર પડતું પાણી સંઘરી લેવું. ઉપાય આમ સાવ સામાન્ય લાગે, પણ છે બહુ કારગર. કારણ કે માત્ર ૧૦૦ ચોરસ મીટરનું પણ ધાબું હશે તો પણ સિઝનના સરેરાશ ૧૦૦૦ મિમિ વરસાદમાં એ ૧ લાખ લીટર પાણી આપી દેશે ! મતલબ કે ઘરની પીવાના પાણીની સમસ્યાનો સીધેસીધો નિકાલ થઈ જશે.

ઘરના આંગણામાં ખાડો ન ખોદવો હોય તોય વરસાદી પાણીનો સંગ્રહ તો થઈ જ શકે છે, એને વર્જિન પ્લાસ્ટીકની ટાંકીમાં કે પરંપરાગત ટાંકીમાં પણ સંઘરી શકાય છે ને જમીનની નીચે પણ ઉતારી શકાય છે, ઘરના વિસ્તાર જેટલી ખાઈ કરીને સંઘરી શકાય છે ને ડંકી લગાવીને પરત મેળવી પણ શકાય છે ! ઉપાય ઘણા છે ને ઘણા સરળ પણ છે. પરંતુ આપણી તકલીફ એ છે કે આપણે જાતે કંઈ કરતા નથી ને પછી પાણીની અછત સમયે બૂમરાણ મચાવીએ છીએ કે સરકાર કંઈ કરતી નથી. પણ આમાં સરકાર શું કરે અને કેટકેટલા માટે કરે ? દરેક પોતાની જરૂરિયાતનું વર્ષભરનું પાણી વરસાદની એક ઋતુમાંથી જ પ્રાપ્ત કરી શકે એમ છે અને એ પણ સાવ નજીવા ખર્ચમાં. અને તોય એવું શા માટે નથી કરતા ? નથી ખબર !

પાંચ મીટર લાંબો, બે મીટર પહોળો અને ૯ મીટર ઊંડો ખાડો ૨૫૫૧ લીટર પાણી સમાવી શકે છે, તો વિચારો કે તમારા પરિવારની જરૂરિયાત પ્રમાણે ને ઘરની આસપાસ જગ્યા પ્રમાણે જો ખાડો કરવામાં આવે તો વર્ષભરની પાણીની સમસ્યામાંથી છૂટકારો મળી શકે કે નહીં ?

જૂનવાણી માણસોએ આવી પદ્ધતિઓ અપનાવેલી જ છે. જૂનાગઢમાં નાગર પરિવારોનાં ઘરોમાં કે અમદાવાદમાં ખાડિયા જેવી પોળોનાં મકાનોમાં ઘરની નીચે વિશાળ ટાંકીઓ બનાવવામાં આવી છે, જેમાં ઘરની છત ઉપર પડતું વરસાદનું પાણી સંઘરાઈ જાય છે ને ગમે તેવા દુષ્કાળના સમયમાં પણ આ પરિવારોને પાણીની તંગી નથી પડતી ! આ પાણીના લૅબોરેટરી ટેસ્ટીંગ પણ કરાવવામાં આવ્યા છે, જેના રિપોર્ટ્સમાં આ પાણી બિલકુલ શુદ્ધ અને પીવા માટે યોગ્ય જણાવવામાં આવ્યું છે !

આપણાં ઘર ચણાઈ ચૂક્યાં હોય તો આપણે ભલે એની નીચે પાણી ન સંઘરી શકીએ પણ આસપાસ તો ખાડો બનાવી સંઘરી શકીએ ! ફ્લેટમાં રહેતા હોઈએ તો સોસાયટીની જગ્યામાં એક ખૂણો પસંદ કરી પાણી સંઘરી શકીએ કે કૉમન ટાંકીમાંય પાણી સંઘરી શકીએ. કામ તો સૌને આવવાનું જ છે ! ખરેખર આ કરવા જેવું છે. આજે નહીં તો કાલે પણ આ કરવું તો પડશે જ. તો પછી આ જ ચોમાસાથી કેમ નહીં ? વિવિધ ક્ષેત્રે સેવારત અનેક સંસ્થાઓ ગુજરાત ને ગાંધીનગરમાં છે, એ સંસ્થાઓ પણ આ કામ ઉપાડી લોકોને સજાગ કરે, પ્રોત્સાહિત કરે તો ઘણું કામ થઈ શકે તેમ છે. વાત માત્ર શરૂઆત કરવાની છે, પછી તો એ પરંપરા થવાની છે ! ચાલો, કોણ શરૂઆત કરે છે ? શરૂઆત કરો તો જાણ કરજો, 'ગાંધીનગર સમાચાર' એની વિગતો પ્રકાશિત કરવામાં આનંદ અનુભવશે.

**અને હા...**

જે ઘરો બની ગયાં છે એમાં વરસાદી પાણીના બચાવ માટે પ્રોત્સાહન અને હવે જે નવાં બનવાનાં છે એમના માટે આવી વ્યવસ્થા કરવાનો નિયમ સરકારે પણ બનાવવા જેવો છે, એનાથીય આવનારી પેઢીઓને આપણે ઘણે અંશે તકલીફમુક્ત રાખી શકીશું.

